


## સાચા કેટલા?

દુનિયામાં ધર્મની છાપ મેળવનારા તો ઘણા; પણ ખરેખરું ધર્મિષ્ઠ જીવન જીવનારા કેટલા? આકાશમાં તારા તો ઘણા ય છે, પણ ધ્રુવતારક કેટલા?

– ચિત્રભાનુ

# દિવ્યદીપ

## સર્જન પોતાનું

એક રૂપાળી બાલિકાનાં માતાપિતા મૃત્યુ પામતાં એના પાડોશીએ એને દત્તક લીધી. એ યુવાન થઈ ત્યાં એક એંજિનિયરના સમાગમમાં આવી. બન્નેનાં મન મળ્યાં અને લગ્ન નક્કી કર્યાં. ત્યારે પાલક પિતાએ એક શરત મૂકી: એક ઘર બાંધી આપો પછી કન્યા આપું. એંજિનિયરને થયું: કેવો લોભી! પણ હા પાડી. એણે સસ્તો અને હલકો માલ ખરીદી મકાન બાંધી આપ્યું.

લગ્નને દિવસે પિતાએ એ જ ઘર જમાઈને ભેટ આપ્યું! જમાઇ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. અરે, મેં કેવી ભૂલ કરી! પહેલેથી આ ઘરમાં સારો માલ અને શ્રમ વાપર્યો હોત તો આજ મારે જ કામ લાગત.

પુણ્ય તે સસરો છે અને જમાઈ તે આ માનવ-જીવન છે. એને સારી રીતે વાપરીએ તો આપણને જ કામ લાગશે.

– ચિત્રભાનુ

વર્ષ : ૭
અંક : ૯
માર્ચ

# ❋ સહજ સમાધિ ❋

વાચનથી જેમના અંતરમાં આછો પ્રકાશ પડે છે એમને જ્યારે વિચારોના સ્વામીના દર્શનનો લાભ મળે ત્યારે તો આનંદની ભરતી જ આવે.

પૂ. ગુરુદેવ ચિત્રભાનુશ્રી વરલીથી વિહાર કરતા કરતા મુંબઈ તરફ નીકળ્યા અને વચ્ચે શ્રી શાન્તિલાલ અને નિર્મળાબેન ઝાટકિયાના નિમંત્રણથી તેમને ત્યાં રોકાયા. પૂ. ગુરુદેવના દર્શનાર્થે શ્રી ઝાટકિયાના મિત્ર શ્રી શાન્તિલાલ સોમૈયા પણ આવ્યા. શ્રી સોમૈયાએ પણ જ્ઞાનીની ગોષ્ઠિનો લાભ લીધો. એ જેવા શ્રીપતિ છે એવા જ્ઞાનપિપાસુ પણ છે.

પૂ. ગુરુદેવના પુસ્તકોનું વાચન હતું પણ એમના દર્શનનો લહાવો પહેલી જ વાર એમને મળ્યો. દર્શન થયાં અને શ્રી સોમૈયાના હૃદયમાં ભાવ જાગ્યો. જેમનું ચિન્તન અંતરસ્પર્શી છે એમના સમાગમનો મારાં સ્વજનો અને સત્સંગી મિત્રોને લાભ મળે તો કેવું? પૂ. ગુરુદેવને મનની વાત કરી.

પૂ. ગુરુદેવે તો ઉત્સુક હૃદયો જ જોયાં છે. એમના મનમાં જૈન કે જૈનેતરનો ભેદભાવ નથી, યુવાન કે વૃદ્ધનો આગ્રહ નથી. શ્રી સોમૈયાની જિજ્ઞાસા જોતાં જ પૂ. ગુરુદેવે હા પાડી અને ગુરુવાર તા. ૨૧–૧–૭૧ના સાંજે પૂ. ગુરુદેવે વિહાર કર્યો.

સંતનાં પગલાં આપણે ત્યાં ? કેમ જાણે પ્રભુ જ ન પધારતા હોય તેમ ઓગણોસિત્તેર વર્ષની વયોવૃદ્ધ ઉંમરે પણ શ્રી કરમશીભાઈ અને શ્રી શાન્તિભાઈ પૂ. ગુરુદેવને સાથે વાલકેશ્વરથી વિહાર કરીને પેડરરોડ પર આવેલા પોતાના 'પદ્મનાભ'માં લાવ્યા. સંતની સાથે વિહાર કરવા મળે એ પણ જીવનનો ભાગ્યોદય જ છે ને?

'પદ્મનાભ' શ્રી સોમૈયાના નિવાસસ્થાને પૂ. ગુરુદેવને આવકારવા અને સત્કારવા બહોળો સમુદાય ભેગો થયો. પૂ. ગુરુદેવ પધાર્યા અને પૂ. ગુરુદેવનું નાનું–શું પ્રવચન ગોઠવાયું.

સ્વાધ્યાય પૂરો થયો અને પ્રશ્ન ઉત્તર શરૂ થયા.

"જ્ઞાન આટલું વહે છે પણ લોકોમાં ફેર કેમ કંઈ દેખાતા નથી?" પૂ. ગુરુદેવે હસીને કહ્યું: વહી જતી હોય પણ જેનાં પાત્ર જ નાનાં હોય તો એમાં ગંગાનો શું વાંક? જેટલું પાત્ર એટલો સમાવેશ.

ત્યાં દૂરથી બીજા ઉત્સુક આત્માએ પૂછયું: "એવા કોઈ દાખલા આપની જાણમાં હશે જ્યાં આપના વ્યાખ્યાનની ચોટ લાગી ગઈ હોય અને જીવનમાં સમાધાન કે પરિવર્તન આવ્યું હોય?"

પૂ. ગુરુદેવે કહ્યું: "હા, હું અમદાવાદમાં હતો ત્યારે પ્રવચનમાં એક ભાઈ નિયમિત અવતા હતા. એક દિવસે પ્રવચન શરૂ થયું પણ એ ભાઈ ન દેખાયા. પ્રવચન પૂરું થવા આવ્યું ત્યાં એ ભાઈ આવ્યા અને શાન્તિથી આવી પાછળ બેસી ગયા.

"પ્રવચન પૂરું થયું. ભાઈ મારી પાસે આવ્યા, મારાથી બોલાઈ ગયું: 'કેમ ? આજે મોડા કેમ ?'"

ભાઈએ સ્વસ્થતાપૂર્વક કહ્યું: "મહારાજશ્રી મારે ત્યાં વીસ વર્ષથી એક મહેમાન હતા, એને વળાવીને આવ્યો."

ઉત્તર કાને પડયો અને સમજાઈ ગયું. આક્રંદ નહોતું, વિલાપ નહોતો પણ જીવનની ગહેરી સમજણમાં શાન્ત વિષાદ હતો. જે યુવાન દીકરાને મહેમાન સમજ્યો તે આ સંસારમાં સાધુ નહિ તો શું છે?

જીવનના બનાવો સ્વસ્થતાપૂર્વક દૃષ્ટાભાવે જોવા એ જ તો ધર્મ છે.

પ્રશ્નોત્તરી પછી મીઠા સ્વરે આમંત્રિત ગાયકો શ્રી કૌમુદી મુનશી, ગીતા દત્ત અને પુરુષોત્તમ ઉપાધ્યાયે ભાવભર્યાં ભજનો ગાયાં.

સંતનો સમાગમ, સ્વાધ્યાય કરવાનો સુઅવસર અને અંતે પ્રભુની ભાવભરી ભક્તિ. આવા ત્રિવેણી ભાવથી વાતાવરણ સભર બને ત્યારે સહજે સમાધિ લાગી જાય. ●

**– કુ. વત્સલા અમીન**

# ❋ તેજ અને તિમિર ❋

( પેડર રોડ ઉપર આવેલ પ્લેઝન્ટ પાર્કના ભાઈઓની વિનંતીથી પૂ. ગુરુદેવ ચિત્રભાનુએ રવિવાર તા. ૨૪–૧–૭૧ એ આપેલ પ્રવચનની નોંધ. )

એક બાળકે પોતાના પિતાને પૂછયું : પિતાજી ભગવાન કયાં છે ? પિતા પ્રવૃત્તિમાં હતા, કામના બોજ અને દબાણની નીચે દબાયેલા અને લદાયેલા હતા એટલે આવેશમાં બોલી ઊઠયા: " ભગવાન છે કૂવામાં !"

બાળકને માતાપિતાના પ્રતિ અત્યંત શ્રદ્ધા હતી. પિતા જૂઠું બોલી શકે, મા બનાવટ કરી શકે એવી સમજ નહોતી, એને મન માતા-પિતાનું વાકય બ્રહ્મવાકય હતું.

બાળકે સાંભળી લીધું. મનમાં ગાંઠ વાળીને બેઠો કે ભગવાન કૂવામાં છે.

માતા ચતુર હતી. બાળકના ગયા પછી કહ્યું: તમે આવું શું શિખવાડો છો ? તમારે તો કહેવું જોઈએ કે ભગવાન મંદિરમાં છે, હિમાલયની ટોચ ઉપર છે કે પછી આકાશમાં છે. પણ તેને બદલે શા માટે આવા ખોટા સંસ્કાર પાડો છો ?

પતિપત્ની વિચારશીલ અને ચિંતનશીલ હતાં. પતિ આંખ બંધ કરી વિચાર કરવા લાગ્યો: મારા મોઢામાંથી આવું નીકળ્યું કેમ ? નીકળ્યું તો મારા અજ્ઞાત મનમાં એના સંસ્કાર કયાંક છુપાયેલા હોવા જોઈએ.

હું જે કાંઈ બોલું છું, વ્યવહાર કરું છું, મારા મોઢામાંથી જે શબ્દો નીકળે છે એની પાછળ મારા ગુપ્ત મનમાં, સુષુપ્ત મનમાં, મનના કો'ક તળિયે આ વિચારોનું બીજ છુપાયેલું હોવું જોઈએ.

જે બોલું છું એનું મૂળ કયાંક હોવું જોઈએ. ' હું અમસ્તો બોલ્યો ' એ વાત ખોટી છે. બોલવા માટે પૂર્વભૂમિકા background હોવી જોઇએ.

દુનિયામાં એવું કોઈ ફળ નથી જેનું બીજ ન હોય ! અંદર પડયું છે તો બહાર આવે છે. પછી એ વાતોમાં આવે, વિચારોમાં આવે કે સ્વપ્નોમાં આવે. એ આવે છે અને તેજથી સભર એવા જીવનને તિમિરમય બનાવે છે અને તિમિરથી ઘેરાયેલા જીવનને તેજોમય બનાવે છે.

તેજનો અનુભવ થયો પછી તિમિર ત્યાં ટકતું નથી. તિમિરને હટાવવું પડતું નથી પણ તેજને લાવવું પડે છે. તેજ આવ્યું ત્યાં તિમિર ટકે કયાંથી ? તેજ આવે છે વિચારના ઊંડાણમાં ઊતરવાથી.

પિતા વિચાર કરવા બેઠા: મેં એમ કેમ કહ્યું કે ભગવાન કૂવામાં છે. આંખ બંધ કરી, મન શાંત થયું. વિચારો ઠરી ગયા, અંદર ડૂબકી મારી.

તરંગો શાંત થાય તો તળિયે પડેલી વસ્તુ જોવા મળે છે. તરંગહીન તળાવ ન બને ત્યાં સુધી નીચે શું છે તે સ્પષ્ટ નહિ દેખાય.

જ્યાં સુધી વિચારોની, સંકલ્પવિકલ્પની આંધી ચાલે છે ત્યાં સુધી નજીકનું નહિ દેખાય. હા, ધાંધલ કરવાથી લોકો ભેગા થશે પણ અંદર શાંતિ નહિ મળે.

માટે જ પ્રાર્થનામાં શાંતિ મુખ્ય છે. પૂજા કર્યા પછી ' ૐ શાંતિ ' કહી બેસવાનું કહે છે, જેથી જરા શાંતિમાં આવો. પછી તળિયે શું છે, તમારામાં શું છે એ જોઈ શકો.

જે ઘડીએ એની ઝાંખી કરી શકો એ જ જીવનની ધંન્ય પળ છે.

બેન નેવિસ Ben Navis વિચાર કરતો કરતો પોતાના બાલ્યકાળમાં ગયો ત્યાં યાદ આવ્યું કે એકવાર જ્યારે એ આઠ વર્ષનો હતો ત્યારે એના ગામમાં એક મસ્ત સંત આવી

ચઢયા. સંત તરફ આકર્ષાયો અને એમની પાછળ પાછળ ફરવા લાગ્યો.

એક દિવસે એ મસ્તરામને જોઇ રહ્યો હતો અને મસ્તરામ કૂવામાં જોઈ રહ્યા હતા. એને થયું કે હું સંતને જોઉં છું અને એ કૂવામાં જુએ છે. એને નવાઇ લાગી.

"તમે અંદર શું જુઓ છો?" એણે જિજ્ઞાસાથી પેલા સંતને પૂછયું, ત્યારે સંતે કહ્યું: "અંદર ભગવાનને જોઉં છું." "હેં? ભગવાન! ભગવાન, કયાં છે?" આશ્ચર્યચકિત થઈ એણે પૂછયું. સંતે ફરી હસીને કહ્યું: "કૂવામાં"

ભગવાનને જોવા કોણ આતુર નથી? એવો કોઇ માણસ નહિ મળે જેને પરમસત્ય શોધવાની ઇચ્છા ન હોય. માનવ જ્યાં જાય છે ત્યાં આ તૃષા છીપાવવા જાય છે. મંદિરમાં જાય, સંતો પાસે જાય, પ્રવચન શ્રવણ કરવા જાય, તીર્થે જાય, હિમાલયની ટોચે જાય કે પછી કોઇ અંધારી ગુફામાં જાય.

શા માટે જાય છે? શું પૈસા લેવા? ના, એને તો પૈસા ખરચીને જવું પડે છે. આરામ લેવા? ના, ત્યાં ટેકરા પર ચડતાં સુખ સગવડ કે આરામ કયાંથી?

સુખ, સગવડ, આરામ, પૈસો—આ બધું છોડી માણસ જાય છે, શોધ માટે જાય છે, પ્યાસ બુઝાવવા માટે જાય છે.

સર્વમાં આ પ્યાસ પડી છે. માણસને ખબર નથી એટલે નામ આપી શકતો નથી. આ એવી પ્યાસ છે જે માણસને જૂદા જૂદા ક્ષેત્રો તરફ દોડાવી રહી છે, એ તરફ જવા માટે ધક્કો મારી રહી છે, વસ્તુઓનો સંગ્રહ કરીને પણ અંતે શોધવા તો એ જ માગે છે.

જે આશીર્વાદ પામેલા છે એવાની પ્યાસ બુઝાઇ જાય છે. પણ મોટા ભાગના માણસોની નથી બુઝાતી. પછી એ રૂપમાં, જુગારમાં, દારૂમાં, ફરવામાં જીવન ખલાસ કરી નાખે છે.

જેને ઉત્તમ માર્ગદર્શક મળે, ભોમિયો મળે, ગુરુ મિત્ર બનીને મળે કે મિત્ર ગુરુ બનીને મળે, એનું જીવન ધન્ય બને છે.

મસ્તરામે કહ્યું: "કૂવામાં ભગવાન છે." નેવિસે આતુરતાથી કહ્યું: "મારે ભગવાનને જોવા છે." સંતે હાથ પકડીને કૂવા પાસે લઈ જતાં કહ્યું: "ચાલ, હું તને બતાવું."

કૂવા પાસે ગયા. ઊંડો કૂવો હતો. અંદર જોયું તો કાચ જેવા નિર્મળ પાણીમાં નેવિસને પોતાનું પ્રતિબિંબ દેખાયું. નેવિસે પૂછયું: "કૂવામાં ભગવાન કેમ દેખાતા નથી?"

ભગવાન તમારી નજરમાં કેવા છે? કેલેન્ડરમાં ચિતર્યા હોય તેવા. ગોપીઓથી ઘેરાયેલા હોય, જટાધારી હોય, રાખ લગાડીને બેઠેલા હોય. જેવા તમે એવા તમારા ભગવાન.

ભગવાનને કેવું રૂપ આપી દીધું છે? સારું છે કે ભગવાન તમારા ઉપર બદનક્ષી defamationનો દાવો case કરતા નથી!

તમે પણ શું કરો? અસહાય છો. જેવી તમારી ઇચ્છા desire છે, માંગ છે, ભૂખ છે એ ધર્મના નામે વ્યકત કરો છો. તમે તમને છેતરો છો અને દુનિયાને પણ છેતરો છો.

આજે યોગના નામે ભોગ થાય છે. ભોગ જોઇએ છે અને એ કરતાં કરતાં યોગ મળે તો well & good.

ભગવાનનું રૂપ માણસની વાસના, એની ઇચ્છા, એની માંગના કારણે જૂદું બનાવી દીધું છે. પછી જ્યારે જ્યારે આંખ બંધ કરી ભગવાનનું સ્મરણ કરો છો ત્યારે આંખ સામે એવી જ આકૃતિ ઊભી થાય છે.

ભગવાન આ ન હોઇ શકે. ભગવાન એ તો એક પરમતત્ત્વ છે, શુદ્ધ ચૈતન્યતત્ત્વ છે, એ નિરાકાર છે. પણ નિરાકારને માણસ પોતાની સમજ પ્રમાણે આકાર આપતો આવ્યો છે.

લક્ષ્મી જુઓ તો દક્ષિણની જૂદી, રાજસ્થાનની જૂદી. સહુ પોતાના વિચાર પ્રમાણે વેશ અને વિભૂષા પહેરાવી આકાર આપતા જાય.

લક્ષ્મી એ તો સુંદર વિચાર છે, પવિત્ર ભાવના છે. આંખ બંધ કરી, મન શાંત કરી, પ્રસન્ન ચિત્તે બેઠેલ માણસના અંતરમાં જે વિચારનો ઉદય થાય છે એ લક્ષ્મી છે.

જ્યારે તન શુદ્ધ હોય, મન વિશુદ્ધ હોય, પ્રાણ પવિત્ર હોય અને મૈત્રીભાવ સર્વત્ર હોય ત્યારે શ્રીનો સ્પર્શ થાય. આ નિરાકારનો અનુભવ આવી પળોમાં થાય.

એ માટે માનવી તીર્થે જાય, શુદ્ધ વાતાવરણમાં જાય. ત્યાં જઈ તનને શુદ્ધ કરે, પછી તામસી આહારથી પ્રમાદી lethargic બનેલા શરીરને ઉપવાસથી હળવું કરે, પછી કહે: "હે પ્રભો! હું સર્વને ભૂલી ગયો છું. હવે હું માત્ર તને યાદ કરવા માગું છું."

આત્માની ભૂખ જાગે, એ વખતે જે જાગૃત ઊર્મિઓ ઉપસ્થિત થાય તે ભગવાન છે. એ વખતે ભગવંત સ્વરૂપનો અનુભવ થાય છે.

આવો અનુભવ થયો ત્યારથી જીવનના દિવસો ગણાય છે. જીવનનું મૂલ્ય સમજાય છે.

મસ્તરામે ફરીથી કહ્યું: "કૂવામાં ભગવાન છે." નેવિસે પાછું જોયું તો પોતાનું પ્રતિબિંબ જ દેખાયું, બીજું કાંઈ નહિ.

"તમે કહો છો કે કૂવામાં ભગવાન છે પણ મને તો હું જ દેખાઉં છું." સંતે કહ્યું "અરે, તું જે દેખાય છે એ જ તો ભગવાન છે. ભગવાન બીજું કોણ છે? તું છે તો ભગવાન છે, તું નહિ હોય તો ભગવાન ક્યાં છે?"

ટાગોરે ભગવાનને કહ્યું: "You are Lord because of me હું છું તો તું સ્વામી છે. હું નથી તો તારું ભજન કોણ ગાશે? તને ભગવાન કોણ માનશે?" આ એક ઉપાલંભ છે.

નેવિસના મન ઉપર આ વિચાર વારંવાર અથડાયો: "તું–માં ભગવાન છે, તું જ તો ભગવાન છે. તું હવે તારામાં ભગવાનને જો."

બેન નેવિસે ત્યારથી વિચાર કર્યો કે મારે ભગવાન મારામાં જોવા. જેને પોતાનામાં ભગવાન દેખાય એને સર્વત્ર દેખાય. કારણ કે એ જ્યાં જાય ત્યાં લઈને જાય.

જે કમળો લઈને જાય એને બધે પીળું દેખાય. જેવી આંખ ચોખ્ખી થઇ પછી બધું જ શ્વેત દેખાય.

તમે બધે જાઓ પણ જો તમને પોતાને ભગવંત સ્વરૂપનો સાક્ષાત્કાર નહિ થયો હોય, પોતાનામાં ભગવાનને જોવાનો પ્રયત્ન નહિ કર્યો હોય તો જ્યાં જશો ત્યાં મંદિર દેખાશે, તીર્થ દેખાશે, પૂજારી દેખાશે પણ ભગવાન નહિ દેખાય.

ભગવાન તેને દેખાય જેને પોતાનામાં દિવ્યતા દેખાય. શરૂઆત અહીંથી કરવાની છે.

આ દૃષ્ટિ આવી, સાક્ષાત્કાર થયો તેના વિચારોની ભૂમિકા level બદલાઈ જવાની. એના ખાવામાં, એના બોલવામાં, એના ધંધામાં એ એની ભૂમિકાથી levelથી નીચો નહિ જાય. આ અનુભૂતિ પછી જ્યાં જાય ત્યાં દિવ્યતા લઈને જાય, નીચે ન ઊતરે.

જેમ આકાશમાં ઉડતું પ્લેન એટલું નીચે ન ઊડે કે કોઈ ઘરની સાથે ટકરાઈ જાય, એમ આ શરીર રૂપી વિમાનનો પાયલોટ pilot ચૈતન્ય જાગૃત હોવાથી અધોભૂમિમાં ન જ પડે.

એકવાર મેં એક સુખી ગૃહસ્થને નોકર સાથે બોલતા જોયા. વાતમાં ગરમ થઇ ગયા અને પછી અંદર ગયા અને લાકડી લાવી, નોકરના બરડા ઉપર મારી. નોકરે ફરીને લાકડી ઝૂંટવી લીધી, મારવા ઉપાડી પણ ઉગામેલો હાથ પાછો વળતાં મોટેથી બોલ્યો: "તમે શેઠ છો એટલે જતા કરું છું. પણ...."

શેઠ બડબડ કરતા બહાર નીકળ્યા. મેં કહ્યું: "નોકરે અંતે તમને લાકડી મારી લીધી!" પોતાનો બચાવ કરતાં કહે: "અરે, એ શું માર-વાનો હતો? મેં એને મારી" મેં પૂછયું: "શું તમને એકે નથી વાગી?" એમણે મક્કમ-તાથી કહ્યું: "ના." "તમે sensitive લાગતા નથી. તમે એકે નથી મારી પણ એણે ઘણી મારી." એમને આ ન. સમજાયું.

આ સમજવા માટે દૃષ્ટિની જરૂર પડે છે. પેલો નોકર તો નીચે જ હતો. એને મારો તો શું, ન મારો તો શું. પણ શેઠ પર લાકડી ઉપાડી, ઘણું થયું. એ એની level થી નીચે ઉતરી ગયો. માણસને ભૂલ થતાં થવું જોઇએ કે હું નીચે below level ગયો, તો સામાને લાકડી ઉપાડવાનો વિચાર પણ આવ્યો.

આ અનુભૂતિ કરવા સાધુનાં કે ભગવાં કપડાં પહેરીને બેસી જવું એમ નથી. તૈયારી વિના સાધુનાં કપડાં કે વેશ પહેરવો એ પણ આજે એક ફારસ છે.

જે કરો એ અંદરની જાગૃતિથી કરો. જેવા નીચે જાઓ, તરત થવું જોઈએ કે "હું મારી ભૂમિકાથી નીચે ચાલ્યો ગયો. ચાલ જીવ, પાછો level ઉપર આવી જા."

લાકડાના કટકાને જોરથી પાણીમાં ફેંકો તો કદાચ ક્ષણ માટે પાણીમાં નીચે ચાલ્યો જશે પણ જેવો જાય કે તરત જ એના સ્વભાવથી ઉપર આવવાનો એમ સંજોગોના કારણે ફેંકાઇ જાઓ પણ જાગૃતિના કારણે તરત પાછા ઉપર આવો.

લાકડાની જેમ ચૈતન્યની પણ હળવાશ છે, એ પણ એક શકિત છે. આજે ચૈતન્યની અનુ-ભૂતિ ન થતાં તમારી શકિત ક્ષીણ consume થઈ રહી છે. દિવસ પૂરો થાય, સાંજ પડે અને તમારી શકિત ક્ષીણ થતી જાય.

ઘણા સાઠ વર્ષે મારી પાસે આવીને ફરિયાદ કરતા હોય છે: મહારાજ, હવે યાદ રહેતું નથી. સ્મરણ શકિતમાં ખામી આવી છે, વસ્તુઓ ભુલાઇ જાય છે.

આ જાતની Inferiority Complex લઘુતાગ્રંથિ એવી બંધાય કે નબળા વિચારોથી સ્મૃતિ ઓછી થતી જાય. પછી ઘરનાં પણ જોડાય અને કહે: "બાપા, તમને યાદ રહેતું નથી." ઘરનાં જે કહે એ તમે પણ બોલતા થઈ જાઓ. એમ કરતાં કરતાં તમારો તમારામાંથી વિશ્વાસ ચાલ્યો જાય. વિશ્વાસ ગયા પછી ખોખાની જેમ જીવો પણ વાર્ધકયમાં જીવંતપણું ન લાગે. What matters is not to add years to your life, but to add life to your years. મહત્વની વાત જીવનમાં વર્ષો નહિ પણ વર્ષોમાં જીવન ભરવાની છે.

ધર્મ શું છે? જે જીવંત જીવન શિખવાડે અને મર્યા પછી જીવંત રાખે તે ધર્મ. જીવો ત્યાં સુધી જીવંત જીવન જીવો. ગમે તે અવસ્થા હોય; બાળકની, યુવાનની, વૃદ્ધની, જરાની કે મૃત્યુની—આ અવસ્થાઓ આવવાની જ છે. ગમે તેવો પહેલવાન હોય, રોજના હજાર દંડ બેઠક લગાવતો હોય, એને પણ આ અવસ્થામાંથી પસાર થવાનું છે.

ઉપર આવવું હોય તો બધાં પગથિયાં ચઢવાં પડે એમ દેહની અવસ્થા બધા માટે આવવાની. એનાથી ભાગે શું વળે? હા, જે જે અવસ્થામાં રહો એમાં જીવંત રહો.

ધર્મ એ માત્ર વિધિવિધાનનાં ક્રિયાકાંડ જ નથી. મેં ઘણાય મારી નજરથી જોયા છે. ક્રિયા કાંડ કરાવનારા જ્યારે મુશીબતમાં આવે છે ત્યારે બાપડા બાળકની જેમ રોતા, તરફડતા અને ટળવળતા હોય છે.

ધર્મ એક સમજ છે, અનુભૂતિ છે, વિચાર છે, અંદર મારેલી ડૂબકી છે. એ ડૂબકી મારી


# પ્રભુના પગલે




વરલીમાં શ્રી સંભવનાથ પ્રભુના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રી વરલી સંઘનું ભાવભર્યું નિમંત્રણ મળતાં જેમણે ધર્મનું બીજ વાવ્યું, ઉત્સાહનું ખાતર દીધું, પ્રેરણાનું પાણી પાયું એવા પૂ. ગુરુદેવ ચિત્રભાનુશ્રી વાલકેશ્વરથી વિહાર કરીને નવપલ્લવિત છોડ સમા વરલી દેરાસર પધાર્યા તે પ્રસંગનું ઉલ્લાસદાયક દૃશ્ય.

શનિવાર તા. ૩૦-૧-૭૧


# માનવતાનું માધુર્ય



આગમ પ્રભાકર પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજી તથા જ્ઞાની ગુરુદેવ પૂ. ચિત્રભાનુશ્રી રંગમંડપમાં મળ્યા. સ્મિતથી સત્કાર થયો. સાથે વ્યાસપીઠ પર બેઠા. પૂ. પુણ્યવિજયજી મહારાજે મંગળાચરણ કર્યું તો એમના જ આગ્રહથી પૂ. ગુરુદેવે નાનું-શું પ્રવચન આપ્યું. શ્રોતાજનોની ભાવિકતા અને સાધ્વીગણમાં તેજસ્વિની સાધ્વી શ્રી મૃગાવતીશ્રીજી તથા અન્ય વીરની સુપુત્રીઓ, સાધ્વીઓ અને શ્રીસંઘ.


શનિવાર તા. ૩૦-૧-૭૧

# એક માર્ગના અનેક પ્રવાસી



પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સંતોનું મિલન થતાં જ્ઞાનગોષ્ઠિ થાય તે સહજ છે. ચિન્તકોના સામાન્ય વાર્તાલાપમાં પણ સમજણની સુવાસ મહેકતી હોય છે. શાન્તમૂર્તિ પૂ. આચાર્ય શ્રી વિજયસમુદ્ર સુરીશ્વરજી મહારાજ, આગમ પ્રભાકર પૂ. પુણ્યવિજયજી મહારાજ અને પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુશ્રી એક જ પાટ ઉપર બેઠા અને ચિન્તન અને આનન્દના ફૂવારા ઊડયા ત્યાં નાના બાળ-મુનિઓ પણ આતુરતાપૂર્વક આવી પહોંચ્યા.

# પ્રભુ બિરાજ્યા, આનંદ ઉભરાયો



પ્રતિષ્ઠા મહોત્સવનો શિખર સમો દિવસ ઊગ્યો. પ્રભુ શ્રી સંભવનાથ ભગવાન તથા અન્ય ભગવાનોના બિંબોની પ્રતિષ્ઠા પ્રસંગે પ. પૂ. આચાર્ય શ્રી વિજયસમુદ્રસુરીશ્વરજી મહારાજ, આગમ પ્રભાકર પૂ. પુણ્યવિજયજી મહારાજ, પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજશ્રી, પૂ. મુનિરાજશ્રી જનકવિજયજી ગણિવર અને અન્ય સાધુઓએ પવિત્ર ભાવનાઓ વહાવી, શ્રાવકોએ શુભ સંકલ્પો કર્યા, મંત્રોચ્ચાર થયા અને શુદ્ધ અને નિર્મળ વાતાવરણમાં પ્રભુની પ્રતિષ્ઠા થઇ.

સોમવાર તા. ૧-૨-૭૧

જે અનુભવ કરે એને જ જીવન જીવંત લાગે.

પણ તમારે મન જીવન એટલે શું ? એક મકાન બાંધીએ, ઘરમાં ગાડી લાવીએ, છોકરાઓને પરણાવીને વહુ લાવીએ–કામ પૂરું થયું, જીવન સમાપ્ત થયું. આમાં શું પૂરુ થયું ? જે થવાનું હતું તે થયું. તમે નહિ હોત તો પણ આ બધું થવાનુંજ હતું. દેહને ટકાવવા કરવું પડે એમાં કામ શું થયું ?

કામ ત્યારે થાય જયારે માણસ પોતાનામાં ડૂબકી મારે, એને લાગે કે અંદર ચૈતન્ય બેઠું છે, જિંદગીની છેલ્લી પળ સુધી જીવનમાં જીવંતપણું લાગે.

આ જીવંતપણું શિખવાડે તે જ ધર્મ. ધર્મ માણસને મડદું નહિ, તરવરિયો બનાવે છે; આળસુ નહિ, ચૈતન્યવંત્ર બનાવે છે. એમ ન બને તો એ ધર્મના માર્ગે નહિ પણ કો'ક જૂદા માર્ગે જ જઇ રહ્યો છે.

ભલે શરીર ઉપર કરચલીઓ પડે, ઉંમર પરિપકવ બને, આંખે ઝાંખ આવે પણ લાગવું જોઈએ કે જીવીએ છીએ, આનંદથી જીવીએ છીએ.

આવું કયારે લાગે ? અંતરથી માને કે શરીર ગમે તે અવસ્થામાં હોય પણ અંદર બેઠેલો અવિનાશી (indestructible) છે.

Einstein આઈન્સ્ટાઈનને ભલે ભગવાનમાં કે પુનર્જન્મમાં શ્રદ્ધા નહોતી પણ એને ચૈતન્યની શાશ્વતશકિતમાં શ્રદ્ધા હતી. એણે કહ્યું : I believe that Energy is indestructible.

આ Energy એટલે બીજું કોઇ નહિ, આપણે જ છીએ. આ ચૈતન્ય (Energy) છે તો છીએ, ગઈ તો આપણે નથી.

આ શકિતનો અનુભવ કરવો એ જ ધર્મ છે.

ધર્મ કહે છે તમારામાં ચૈતન્ય પડયું છે. દેહની અવસ્થા સાથે ચૈતન્યની અવસ્થા બદલાતી નથી. જીવો છો ત્યાં સુધી જીવંતપણે જીવો, મર્યા પછી પણ જીવંત રહો.

અજ્ઞાની કહે: ફલાણા ભાઇ મરી ગયા. જ્ઞાની કહે: એ પાછા થયા મર્યા પછી પણ જીવંત રહેવાના.

આવી ઉમદા ભાવના મળી જાય તો મરવાની વાત જ કયાં છે? મૃત્યુનો ભય જ કયાં છે ? ભય કોને છે ? જેનું ગુમાઇ જાય, જેનું લુંટાઇ જાય, જેનું ચાલ્યું જાય તેને ભય. આપણું શું જાય છે ? આત્મા તો બધે જ સાથે છે. અરે, એ જ તો પ્રવાસ કરે છે.

આવરટાઉનમાં ડૉકટર બ્રેકેટ રહેતા હતા. કોઇકિ જ્ઞાનીનો સમાગમ થયો અને મનમાં એક વાત બેસી ગઇ. આ જીવન શકિતનું દર્શન કરવા માટે મળ્યું છે, ચૈતન્યની શકિતને પરમશકિતમાં મેળવી દેવા માટે મળ્યું છે.

ત્રીસ વર્ષની ઉંમર હતી, ભરયુવાની હતી, ધીકતી કમાણી હતી.

ત્યાં એના જ ગામમાં રહેતી બુદ્ધિશાળી, રૂપસુંદર કુમારી ક્રોમવેલ એના પરિચયમાં આવી અને લગ્ન નકકી થયાં. એક રાત્રિએ બન્ને સાથે બેસીને ભાવિના સ્વપ્નો માટે તૈયારી કરતાં હતાં ત્યાં બરોબર દસના ટકોરે ઘંટડી વાગી. બારણું ખોલ્યું તો એક હબસી બાઈ ઊભી હતી.

"ડૉકટર સાહેબ, મારા એકના એક છોકરાની જિંદગી જોખમમાં છે. છેલ્લા શ્વાસ લઇ રહ્યો છે. તમે આવો તો બચી જાય."

આ હબસી બાઈનું દયામણું મોઢું જોયું, એની આંખોમાં આંસુ જોયાં અને ડૉકટર બ્રેકેટનું હ્રદય દ્રવી ગયું.

કુમારી ક્રોમવેલને કહ્યું : 'તું બે કલાક બેસ, હું આવું છું.'

ક્રોમવેલ ઊકળી પડી You have a date with me તારા વિના રાત્રે હું એકલી અહીં

શું કરું ? તને મારા પ્રેમ કરતાંય દર્દી વધારે કીમતી છે ?"

ડૉ. બ્રેકેટથી ન રહેવાયું : "જેમ પ્રેમ દિવ્ય છે એમ પ્રેમનો અનુભવ કરનાર ચૈતન્ય પણ દિવ્ય છે. તારા પ્રેમનું હું સ્વાગત કરું તો આ હબસી માતાના માતૃપ્રેમને હું કેમ ઠુકરાવી શકું ?" એક મીઠું સ્મિત કરી ડોકટર નીકળી પડયા. સારવાર કરી અને બાળક બચી ગયું. સવારે ચાર વાગે ઘરે આવ્યા.

બીજે દિવસે ક્રોમવેલનો ફોન આવ્યો: "તારી સાથે મારો મેળ નહિ ખાય, કારણ કે તને મારી કિંમત નથી."

ડૉકટરે કહ્યું : "મને તો માનવતાની કિંમત છે. મને લાગે છે હું કોઈ એકને રાજી નહિ કરી શકું. મારે માટે એકલતા નિર્માણ હશે.'

સિત્તેર વર્ષ સુધી સેવા કરી. સેવા કરતાં કરતાં દેહ ઢળી પડયો. આખું ગામ ભેગું થયું. એક દીકરો હોત તો એક રડત પણ આજે તો ગામ રડે છે.

ડૉકટરને સહુ ભીની આંખે, ભારે હૈયે દાટી આવ્યા. ગ્રામ્યજનોને થયું કે ડૉકટરની સમાધિ ઉપર ખાંભી કોતરીએ, પથ્થર મૂકીને આપણી ભાવના વ્યકત કરીએ. પણ 'શું લખીએ' એ માટે કમિટી નીમાઇ.

મહિનો ગયો, છ મહિના ગયા, સમય વીતતો ગયો. એવું જ બનતું આવ્યું છે. પ્રસંગ આવે ત્યારે જે ઊર્મિઓ, અને લાગણીઓ સૌ બતાવે છે તે સમય જતાં ઝાંખી થઇ જાય છે.

બધા ભૂલી ગયા પણ જેને ડોકટરે પ્રાણ આપ્યા હતા તે કેમ ભૂલે ? પેલો હબસીનો દીકરો હવે મોટો થયો હતો. એને થયું કે ડૉકટરનો ઉપકાર હું કેમ ભૂલું ? ફરતો ફરતો ડૉકટરના દવાખાના પાસે ગયો. ઉપર નજર નાખી તો દાદર ઉપર પાટિયું લટકતું હતું : ડો. બ્રેકેટનું દવાખાનું ઉપર છે. હબસીને થયું કે આ પાટિયું જ ઉઠાવી કબર પર મૂકું તો કેવું ? જઇને મૂકી આવ્યો. બીજા દિવસે સહુને ખબર પડી. બધા કહેવા લાગ્યા: wonderful, ખૂબ સરસ. આનાથી સુંદર પંકિત આપણે લખી શકયા ન હોત.

'ડૉકટરનું દવાખાનું ઉપર જ છે' વાત પણ સાચી છે. દવાખાનું ઉપર જ છે. જેને દવાખાનું ઉપર લાગે, જેને આ અનુભૂતિ થાય એનું જીવન ધન્ય છે. 'આપણું દવાખાનું ઉપર છે.'

જયારે ધર્મ આવશે પછી એમ નહિ કહેવાના કે ફલાણા ભાઈ મરી ગયા. કહેશો કે પાછા થઈ ગયા. કયાં ? ઉપર પાછા સ્વસ્થ થઈ ગયા.

સમગ્ર જીવનની કમાણી ઉપર જવા માટે છે. જેમ લાકડું બળે અને ધૂમાડો ઉપર જાય તેમ દેહ બળી જાય અને ચૈતન્ય ઉપર જાય. આ ચૈતન્યનો સ્વભાવ ઉપર જવાનો છે.

"Dust thou art to dust returnest Waś not spoken of the soul" ધૂળમાંથી જન્મ્યો અને ધૂળમાં મળી જવાનો એ આ આત્મા માટે નથી કહ્યું. આત્મા કદી ધૂળમાં મળતો નથી. એનો સ્વભાવ નીચે નહિ, પણ ઉપર જવાનો છે.

આ સ્વભાવની અનુભૂતિ કરાવે એ ધર્મ છે. આવો ધર્મ જીવનમાં આવતાં થાય કે દરેક અવસ્થામાં જીવંત રહેવું અને મરી ગયા પછી પણ જીવતા રહેવું. જો આ કળા, ન આવડે તો ધર્મ જીવનમાં નથી આવ્યો એમ જ માનજો. પછી તમે ભલે ગમે એટલાં વિધિવિધાન કરતા હો.

ધર્મની શરૂઆત આ સમજણથી થાય છે. બેન નેવિસે પત્નીને કહ્યું: 'ભગવાન કૂવામાં છે' એ કહેવાની પાછળ નાની ઉંમરે પડેલા સંસ્કાર છે. પત્નીને પણ લાગ્યું કે આ વાત સાચી છે અને દીકરાને શિખવાડવા જેવી છે.

પિતાએ દીકરાને બોલાવીને કહ્યું : "બેટા,

# વરલીમાં પ્રભુ પધાર્યા

મુંબઇ જેવી વિશાળ નગરીમાં મંદિરો અને ઉપાશ્રયોનો કયાં તોટો છે!

પણ એવાં પણ કેટલાંક સ્થળો છે જ્યાં મંદિર અને ઉપાશ્રયના અભાવે સાધુઓ દૂરથી જ વિહાર કરી જાય છે. ત્યાંની જનતાને ન દર્શનનો લાભ મળે, ન સ્વાધ્યાય કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય.

વરલી પણ એવું જ કો'ક સુંદર, રમણીય સ્થળ હતું. સમુદ્ર કિનારે શાંત વાતાવરણમાં નૈસર્ગિક આનંદ લૂંટનારા ઘણા હતા પણ આત્માનો આનંદ લૂંટાવનારા કોઈ ન હતા. મુંબઈના બે છેડાને જોડતું એવું નાનું-શું પરું એકલવાયું હતું. ભકતજનો હતા પણ ભકિત કરવાનો લહાવો એમને નહોતો મળતો.

ત્યાં મુનિશ્રી ઇન્દ્ર વિજયજી મહારાજના ઉપદેશથી વરલી નાકા પર ગેરેજમાં ગૃહમંદિરની સ્થાપના થઈ. પણ ઉપાશ્રયના અભાવે સાધુ-સંતોનાં દર્શન તો દુર્લભ જ રહ્યાં.

વર્ષો વીતતાં ગયાં પણ વરલીની જનતાને ન પ્રેરણા મળી, ન માર્ગદર્શન મળ્યું.

એવામાં પૂ. ગુરુદેવ મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રી કોટમાં ચોમાસું પૂર્ણ કરી શેષ-કાળમાં વિહાર કરતા કરતા મુંબઇના પરાઓ તરફ પધાર્યા. વચમાં વરલી આવ્યું અને તા. ૧૫-૨-૬૫ વરલી નાકા ઉપર આવેલ શિશુ વિકાસ મંદિરમાં પ્રવચન ગોઠવાયું. સ્વાધ્યાય કરવા એકત્રિત થયેલી વિશાળ માનવમેદની જોતાં જ પૂ. ગુરુદેવશ્રીને વિચાર સ્ફૂર્યો.

આટલા બધા આતુર આત્માઓને સ્વાધ્યાયનો વધારે લાભ મળે તો કેવું સારું? આ તૃષાતુર આત્માઓને પાન કરાવવા સાધુઓ અહીં આવે તો કેવી સુંદર સંસ્કારની સૌરભ ફેલાય? મારવાડ અને કચ્છ દેશ છોડીને જે ધંધો કરવા મુંબઇ આવ્યા છે તે શું માત્ર ધનનું જ ઉપાર્જન કરશે? શું આત્માને સમૃદ્ધ કરે એવું જ્ઞાનપાન નહિ કરે? જે બુઝર્ગ છે

---

(અનુસંધાન ૧૩૬ થી ચાલુ)

ભગવાન કૂવામાં છે. ચાલ, તને બતાવું" કૂવા પાસે લઈ જઈને પૂછ્યું: "જો, અંદર કોણ દેખાય છે?" બાળકે સહજતાથી કહ્યું: "હું દેખાઉં છું." "તું છો એ જ ભગવાન છે. શરૂઆત અહીંથી, આપણાથી કરવાની છે."

હવે દીકરાને પણ આ ગહન તત્ત્વજ્ઞાન સમજાયું.

આપણી અંદર ચૈતન્ય છે એ જ તેજ છે. એ તેજ આજે ઢંકાયેલું છે, તિમિરના આવરણથી આવૃત થઈ ગયું છે. જેમ દીવા ઉપર લોખંડનું ઢાંકણુ મૂકો તો પ્રકાશ ન દેખાય પણ એ ઢાંકણામાં કાણાં પડી જાય તો આછો આછો પ્રકાશ આવે અને ઢાંકણુ નીકળી જાય તો પૂર્ણ પ્રકાશ આવે એમ આપણાં તેજ ઉપર વાસનાનું આવરણ આવ્યું છે તે નીકળે તો કેવલ જ્ઞાન જ વર્તાય.

સાચો ગુરુ, સાચો માર્ગદર્શક, સાચો ભોમિયો એમ જ કહેવાનો કે અહીંથી, તમારાથી શરૂઆત કરો.

'ભગવાન તારામાં જ છે' એકવાર સમજાય કે ભગવાન મારામાં છે પછી એ ઊભો નહિ રહે. ભગવાનને પોતાનામાં અનુભવ્યા વિના જંપવાનો નહિ.

તેજ અને તિમિરને કદી બનતું જ નથી.

તમારે માત્ર ઢાંકણું જ ઉંચકવાનું છે. પ્રકાશ આવતાં અંધકાર રહેશે? સૂર્ય આવતાં રાત રહેશે?

સંપૂર્ણ

એ તો એમનું સાધી લેશે પણ આજનાં પ્રલોભનકારી વાતાવરણમાં ઊછરતા યુવાન માનસનું શું ? ઊગતા છોડને સારું ખાતર અને પાણી ન મળતાં સુંદર ઉપવન નહિ, પણ માત્ર કાંટાળું જંગલ જ ઊગી આવશે !

પૂ. ગુરુદેવ ચિત્રભાનુએ જિનમંદિર અને ઉપાશ્રય માટે પ્રેરણા આપી, સુંદર ભાવનાનું બીજ વાવ્યું.

ભાવનાનો છોડ પાંગરતો ગયો, વધુ માર્ગદર્શન મળતું ગયું, પૂ. ગુરુદેવ અવારનવાર વરલી પધારતાં વરલીના ભાઈઓને સ્વાધ્યાય કરવાનો સુઅવસર પણ સાંપડતો ગયો. અને સંવત ૨૦૨૪–પોષ સુદ ૧. સોમવાર તા. ૧-૧-૬૮ પૂ. ગુરુદેવે 'જીવનમાં ધર્મ શા માટે ?' એ ઉપર પોતાના વિચારો વ્યકત કરતાં જ શ્રોતાજનોના મન ઉપર ઊંડી અસર થઇ, ઉત્સાહ અને ઉમંગભર્યું વાતાવરણ સર્જાયું અને શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની સ્થાપના થઇ. જિનમંદિર અને ઉપાશ્રય માટે જોતજોતામાં પંચાવનથી સાઠ હજાર રૂપિયા એકત્રિત થયા. શરૂઆત થઈ પછી પૂર્ણાહુતિ કયાં દૂર છે ? દાનની વર્ષા વરસતી ગઇ અને જિનમંદિરમાં છ જિનબિંબો પરોણા તરીકે મૂકવામાં આવ્યાં. ઉપાશ્રયની જગ્યા લેવાતાં પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુશ્રીએ અવારનવાર ત્યાં આવીને પ્રવચનો પણ આપ્યાં.

અંતે છ જિનબિંબોની વિધિ સહિત પ્રતિષ્ઠા કરવાની શ્રી વરલી સંઘની ભાવના જાગતાં પોષ વદ ૧૧ શનિવાર તા. ૨૩–૧–૭૧થી મહાસુદ ૭ મંગળવાર તા. ૨–૨–૭૧ના શુભ દિવસો નકકી થયા અને પ. પૂ. આચાર્ય શ્રી વિજય સમુદ્રસૂરીશ્વરજી મહારાજને પ્રતિષ્ઠા પ્રસંગે વરલી પધારવા વિનંતી થઇ. આગમ પ્રભાકર પૂ મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ, મરુધરરત્ન મુનિભૂષણ શ્રી વલ્લભદત્ત વિજયજી મહારાજ, ગણિવર્ય જનકવિજયજી મહારાજ તથા અન્ય ગણિવર્ય અને મુનિવર્ય મહારાજો અને સાધ્વીજી મહારાજોને પણ વિનંતી થઈ. શ્રી સંઘની વિનંતી સ્વીકારતાં વરલી નાનું-શું પાલિતાણા જ બની ગયું.

વરલીના જિનમંદિર અને ઉપાશ્રયના સર્જનમાં પ્રેરણા આપનાર, માર્ગદર્શન આપનાર અને વરલીમાં વસતાં અનેકનાં હૈયાં ધર્મભાવનાથી ભીનાં કરનાર પૂ ગુરુદેવ ચિત્રભાનુ મહારાજશ્રી પાસે શ્રી વરલી સંઘ વિનંતી કરવા ગયો. જેનામાં પૂ. ગુરુદેવે પ્રાણ રેડ્યા હતા એ નવપુષ્પનો વિકાસ જોતાં પૂ. ગુરુદેવે વિનંતી માન્ય રાખી અને પૂ. ગુરુદેવ વાલકેશ્વરથી વિહાર કરીને શનિવારે તા. ૩૦–૧–૭૧ સવારે ૭–૩૦ વાગે વરલી પધાર્યા.

પૂ. ગુરુદેવ વરલી પધારતાં વરલીનો શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ વાજતે ગાજતે પૂ. ગુરુદેવનું સામૈયું કરવા વરલી નાકા ઉપર આવેલ ભાવેશ્વર ટેરેસ આગળ પધાર્યો. ત્યાં થાણાથી, વિક્રોલીથી, ઘાટકોપર અને મુંબઇથી સામૈયામાં જોડાઇને પૂ. ગુરુદેવની ભકિત કરવા અનેક ભક્તો પણ એકત્રિત થયા.

આગમ પ્રભાકર પૂ. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા અન્ય સાધુઓ નીચે પધાર્યા અને બેંગ્લોર ચોમાસુ પૂર્ણ કરી વિહાર કરીને પધારેલાં સાધ્વીશ્રીજી મૃગાવતીશ્રીજી, એમનાં બે ઠાણા તથા અન્ય સાધ્વીજીઓ પણ મંડપમાં પધાર્યાં.

જયારે નાના-શા મંડપમાં એક જ પાટ ઉપર પૂ. ગુરુદેવ તથા આગમ પ્રભાકર પૂ. પુણ્યવિજયજી મહારાજનાં દર્શન થયાં, બાજુમાં અન્ય મુનિવર્યો તથા બાલમુનિનાં પણ દર્શન થયાં ત્યારે અનેકનાં હૈયાં આનંદથી ઊભરાયાં.

( અનુસંધાન છેલ્લા પૂંઠા પર )

What greater desecration can ever be imagined than addressing as love what is but an attachment induced by lascivious passion ?

from : **Lotus Bloom**
by : **Chitrabhanu**

વિકારી ભાવથી કરાયેલી મૈત્રીને પ્રેમ કહી સંબોધવા જેવું પાપ બીજું કયું હોઇ શકે ?

**'સૌરભ'માંથી : ચિત્રભાનુ**

*With best wishes from :*

**Ramnord Research Laboratories Ltd.**

**77, Dr. A. B. Road, Worli, Bombay-18.**

અનુસંધાન પાન ૧૩૮ પરથી

પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે માંગલિક કર્યું અને પૂ. ગુરુદેવ ચિત્રભાનુને આગ્રહ કરતાં પૂ. ગુરુદેવે કહ્યું:

"સાવરણી એક દોરીથી બંધાય છે તો કચરો કાઢવાનું કામ કરે છે, સ્થળને સ્વચ્છ કરે છે. પણ એ દોરી તૂટતાં સાવરણી ખુદ જ કચરો બની જાય છે. તમે સહુ વરલીના ભાઈઓ પ્રેમ અને મૈત્રીની દોરીથી બંધાયા, તો આજે જ્યાં ઉકરડો હતો, દારૂ ગળાતો હતો, અને સ્વાસ્થ્ય ન જળવાય એવું વાતાવરણ હતું ત્યાં નાનું-શું મંદિર ઊભું થયું, પ્રભુનો વાસ થયો, પવિત્રતાનો પ્રસાર થયો, ઉપાશ્રય થયો અને સાધુઓને જ્ઞાનાંજન કરવાનો સુઅવસર પણ સાંપડયો.

"આજે તમારે ત્યાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે કેટલે દૂરથી વિહાર કરીને સાધુ સાધ્વીઓ આવી રહ્યાં છે, તમે સહુ ભકિતના રંગે રંગાઈ ગયા છો. પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થશે પણ તમે સહુ જે પ્રેમની, મૈત્રીની દોરીથી બંધાયેલા છો એ સદા બંધાયેલા જ રહેશો. બંધાયેલા હશો, એક હશો તો સારાં કાર્યો કરી શકશો, સમાજને પ્રેરણા આપી શકશો. આ કાર્ય પાર ઉતારવામાં શ્રી સરદારમલજી જેવા સજ્જનો પાયાની ઈંટ બન્યા એટલે શિખર ઊંચું આવ્યું. મૂક સેવાનાં પરિણામ કેવાં મીઠાં હોય છે!" સહુ આનંદથી વિખરાયા. બપોરે અઢાર અભિષેક અને નવ્વાણું પ્રકારની પૂજા થઈ.

રવિવાર તા. ૩૧-૧-૭૧ આખું મુંબઈ જાણે શ્રી સંભવનાથ મંદિરે ઊમટયું ન હોય તેમ સવારથી જ માનવપ્રવાહ શરૂ થયો. બપોરે બે વાગ્યે જળજાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો અને શ્રી સંઘે સ્વામી વાત્સલ્યનો લાભ લઈ જીવનની ધન્યતા અનુભવી.

સોમવાર તા. ૧-૨-૭૧ પ્રભુજીની પ્રતિષ્ઠાનો શુભ દિવસ ઊગ્યો. જગ્યા નાની હતી પણ આનંદ વ્યાપક હતો. પ્રતિષ્ઠા પ્રસંગે દર્શન કરવા સવારથી જ માનવમેદની ઉભરાતાં મંદિરની બાજુમાં આવેલ હૉલના બારણાં બંધ કરવાં પડયાં.

પવિત્ર સ્થળમાં મંત્રોચ્ચાર શરૂ થયો, અંતરમાં ભાવનાની ભરતીનાં મોજાં ઊમટયાં ત્યાં પૂ. ગુરુદેવનો અવાજ સંભળાયો. "ૐ પુણ્યાહં, પુણ્યાહં, પ્રીયંતામ્, પ્રીયંતામ્." આ શબ્દો કાને પડતાં સહુ ઉત્સાહપૂર્વક એક અવાજે મંત્રોચ્ચારમાં જોડાયા.

શું પ્રભુની પ્રતિષ્ઠા મંદિરમાં કરવાની હતી કે અંતરમાં? આવો વિચાર કેટલાયના મનમાં ઉદ્ભવ્યો. અંતરના ઊંડાણમાંથી મંત્રોચ્ચાર અને એના પડઘા કાને પડી રહ્યા હતા, અને નિશ્ચિત સમયે ૧૦ કલાકને ૫૯ મિનિટે શ્રી સંભવનાથ ભગવાનની પ્રતિષ્ઠા થતાં વાસક્ષેપ નાંખ્યો. અને એકત્રિત થયેલા અન્ય સાધુ સમુદાયે પણ પવિત્ર વાસક્ષેપથી ભગવાનની મૂર્તિની પૂજા કરી, તન અને મનને ભાવથી શુદ્ધ કર્યાં.

—કુ. વત્સલા અમીન

ધર્મ કરતાં ઊંઘ આવે તે ધર્મ સમજ્યો નથી, નોટો ગણતાં ઊંઘ આવે તે અર્થનાં મર્મ સમજ્યો નથી. જો નોટો ગણતાં ઊંઘ ન આવે તો ધર્મ કરતાં કેમ આવે?

* * *

જે બાવીશ પરિષહને નિમંત્રણ આપે તે સાધુ-ત્યાગી. જે અગવડમાં સગવડ માને અને સગવડમાં અગવડ માને તે સાધુ.

* * *

દુઃખ કયાંય નથી, મનમાં છે. માટે મનને મજબૂત કરવાનું છે.

ચિત્રભાનુ

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે કવીન્સ ન્યુ. ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઈ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.